# બૉમ્બે બુલિયન ઍસોસિયેશન અને રિદ્ધિ-સિદ્ધિ બુલિયન વચ્ચેના વિવાદનો સુખદ અંત

## બીબીએના કો.-ઑપ્ટ ડિરેક્ટર પદે પૃથ્વીરાજ કોઠારી અને કુમાર જૈનની નિયુક્તિ

અમારા પ્રતિનિધિ તરફથી

મુંબઈ, તા. ૧૫ : બૉમ્બે બુલિયન ઍસોસિયેશન (બીબીએ) અને રિદ્ધિ-સિદ્ધિ બુલિયનના ચૅરમૅન પૃથ્વીરાજ કોઠારી વચ્ચેના તાજેતરમાં ચરમસીમાના વિવાદનો આજે સુખદ અંત આવી ગયો હતો. બીબીએના બોર્ડ ઑફ ડિરેક્ટર્સે એક નિર્ણય કરીને પૃથ્વીરાજ કોઠારી અને યુ. ટી. ઝવેરીના કુમાર જૈનને બોર્ડમાં કો.ઑપ્ટ મેમ્બર અને બીજા ૧૨ જેટલા બુલિયન ડીલર અને જ્વેલર્સને ઈન્વાઈટી ડિરેક્ટર તરીકે આવકાર્યા હતા. આ ઘટનાને બીબીએની સભ્યસંખ્યા વધી અને કામકાજનો વ્યાપ વધવાને લીધે સમયની આવશ્યકતા અને પ્રેરણા તરીકે કેટલાક ડિરેક્ટર્સે વર્ણવી હતી.

પૃથ્વીરાજ કોઠારીએ બીબીએના આ પગલાને આવકાર્ય ગણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે વ્યક્તિ તરીકે મારા કરતાં સંસ્થાની મહાનતા મોટી છે. મને કેટલાક ડિરેક્ટરો અદાલતમાં પડેલા પૅન્ડિંગ કેસ પાછા ખેંચી લેવા ભાવાત્મક રીતે સમજ આપી હતી. તેમની મારા પ્રત્યેની આવી લાગણી, મને બે મહિના પહેલાં કેસ પાછા ખેંચી લેવા સુધી દોરી ગઈ હતી. મને મારા અંતરાત્માએ જે સુઝાડ્યું તે મેં કર્યું છે. મારે કોઈ સાથે વ્યક્તિગત ગમો-અણગમો નથી. બીબીએ આજે જાગતિક બજારમાં સક્ષમ ભૂમિકા નિભાવવા તૈયાર થઈ ગઈ છે. મારી ભૂમિકા તેમાં સકારાત્મક રહેશે.

એક ડિરેક્ટર, જેમણે વિવાદના ઉકેલ માટે ભરપૂર પ્રયાસ કર્યા હતા. તેમણે કહ્યું હતું કે સંસ્થામાં ઉતાર-ચઢાવ અને વાદવિવાદ એ તો તેની તંદુરસ્તીના પાયાને મજબૂત કરતી ઘટના હોય છે. આજે જે કંઈ થયું છે તે બીબીએની જ મહાનતા છે. આવી ઘટનાઓમાંથી અમને ઘણું શીખવા મળ્યું છે. બીબીએના મીડિયા કો.ઑર્ડિનેટર કુમાર જૈને કહ્યું હતું કે બીબીએ તેના સભ્યો અને સંસ્થાગત રીતે સંખ્યાબંધ આર્થિક-સામાજિક પ્રવૃત્તિઓ પર કામ કરવા તૈયાર થઈ રહી છે.

પ્રકાશ જેમ્સના પ્રકાશ જૈને કહ્યું હતું કે બીબીએની સભ્યસંખ્યા ૪૭૯થી વધીને ૬૯૭એ પહોંચી ગઈ છે. ઍસોસિયેશન તેની પ્રવૃત્તિનો વ્યાપ વધારી રહ્યું છે. તેને સમજદાર અને આગેવાન ડીલરો અને જ્વેલરોની પ્રતિષ્ઠા અને ગુડવિલની પણ જરૂર છે. બીબીએના દરેક મેમ્બરે આ ઘટનાને ઉદારતાથી ચરમસીમા તરીકે ગણવી જોઈએ. પૃથ્વીરાજ કોઠારી અને બીબીએના ડિરેક્ટરોની આગવી સમજ સંસ્થાના ભાવિ ઘડતરમાં ઉપયોગી ઠરશે.

બીબીએ ચેનાજી નરસિંહજીના અશોક જૈન, પુષ્પક બુલિયનના ચંદ્રકાંત પટેલ, શ્રીંગાર મંગલસૂત્રના ચેતન તુમારેશ્વર, જીએમ ગોલ્ડના ગણેશ મથુરિયા, જુગરાજ કાંતિલાલના જિતેન્દ્ર પુનમિયા, પેન્ટા ગોલ્ડના કેતન શ્રોફ, સંગમ ચેઈન્સના રમણ સોલંકી, સુવર્ણ સરિતા જ્વેલર્સના મહેન્દ્ર ચોરડિયા, શિલ્પી જ્વેલર્સના પ્રમોદ મહેતા, સવર્ણ શિલ્પી ચેઈન્સના પ્રફુલ્લ રાણાવત, પલક જ્વેલર્સના શૈલેશ દાગા અને વી ગ્રુપના વિનોદ જૈનને આમંત્રિત ડિરેક્ટર તરીકે આવકાર્યા છે.